## જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૭/૦૫/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૦૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૧૪ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮ બિયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૦૮/૨૦૨૫**

**શહેરકોટડાઃ** શૈલેષભાઇ સ/ઓ મોહનભાઇ પટણી (ઉ.વ.૪૬)(રહે.કાલિકા પાર્ક, મકાન નંબર-૬, અનિલ સ્ટાર્ચ મિલ સામે, નરોડા રોડ) એ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૧/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નરેશભાઈ બળદેવભાઇ પરમાર (રહે.શ્રીહરી એપાર્ટમેંન્ટ, દેણપ રોડ, કાસા ચોકડી, તા-જી. વિસનગર) એ શૈલેષભાઇને વિશ્વાસમા લઇ શૈલેષભાઇના દિકરા ચિરાગને "ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ" મા સરકારી નોકરી અપાવવા માટે તેમની પાસેથી કુલ રૂપિયા ૮,૦૦,૦૦૦/- મેળવી લઇ, નોકરી માટેના બનાવટી કાગળો આપી ખોટુ ઇલેક્ટ્રોનીક રેકર્ડ ઉભુ કરી, નોકરી નહી અપાવી તેમજ રૂપિયા પરત નહી કરી શૈલેષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.વળવી ચલાવે છે.

**નિકોલઃ** નીરજ મનસુખભાઇ કાછડીયા (ઉ.વ.૩૦)(રહે.શીવશક્તી સોસાયટી, આશારામ સોસાયટી પાસે, ઠક્કરનગર) એ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૫ ના કલાક ૯/૩૦ થી તા.૦૬/૦૫/૨૦૨૫ રાતના ૮/૪૫ વાગ્યા દરમ્યાન (૧)+૯૧ ૭૭૭૭૯૬૪૨૮૬ ના ધારક શ્યામ શર્મા (૨) +૯૧ ૭૬૨૧૯૬૦૮૫૭ ના ધારક વિશાલ (ક્રેડીટ મેનેજર) અને (૩) +૯૧ ૯૫૧૨૬૫૦૮૬૯ ના ધારક એ ભેગામળી નીરજ કાછડીયાને પોતે બેંક કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી, લોન અપાવવાની ફેસબુક પર લોભામણી જાહેરાત આપી, નીરજ કાછડીયા પાસેથી યુ.પી.આઇ. આઇ.ડી. સ્કેનર થી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૩૩,૭૨૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી રૂપિયા મેળવી લઇ, આજદિન સુધી લોન કે આપેલ રૂપિયા પરત નહિ આપી નીરજ કાછડીયા સાથે વિશ્વાતઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એસ.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી